૮૪

ગુજરાત બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર માટે મંજૂર કરાયેલ હંગામી મહેકમની મુદત વધુ એક વર્ષ ચાલુ રાખવા બાબત.

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

**ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૨/૬૧૮૩૫૨/છ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા.૨૦.૦૩.૨૦૨૦**

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/ ૧૦૨૦૧૨/૬૧૮૩૫૨/છ, તા.૩૧.૦૧.૨૦૧૩, તા.૩૦.૦૫.૨૦૧૩, તા.૨૮.૦૨.૨૦૧૪, તા.૨૨.૦૪.૨૦૧૫, તા.૧૯.૦૩.૨૦૧૬, તા.૨૮.૦૩.૨૦૧૭, તા.૨૮.૦૨.૨૦૧૮ તથા તા.૩૦.૦૧.૨૦૧૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: મકમ/ ૧૦૨૦૧૨/નબા/૭૯૦૮૬/છ, તા.૧૪.૦૫.૨૦૧૩.

(૩) સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરનો તા.૨૨.૦૧.૨૦૨૦નો પત્ર ક્રમાંક: બાઅસં/૧૦૨૦૧૩/૩૨/મહેકમ/૨૦૧૯/૮૫૮.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૬/૮૦૮૫૧/નબા.૩૯/છ, તા.૦૫.૦૫.૨૦૧૬.

**આમુખ :-**

ભારત સરકારના ધ કમિશન્સ ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ, ૨૦૦૫ (૨૦૦૬નો ૪થો) ની કલમ-૧૭માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર રાજ્યમાં કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સની રચના કરવામાં આવેલ છે. તદઅન્વયે વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) તથા (૪) ના ઠરાવોથી આવશ્યક મહેકમ મંજૂર કરવામાં આવેલ તથા વખતોવખત મંજૂર થયેલ જગ્યાઓની મુદત વધારવામાં આવેલ છે. સદર જગ્યાઓની મુદત તા.૨૯.૦૨.૨૦૨૦ના રોજ પૂરી થતી હોઈ સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરે વંચાણે લીધેલા ક્રમાંક: (૩) ના પત્રથી સદર કુલ-૧૨ હંગામી જગ્યાઓની મહેકમની મુદત તા.૨૮.૦૨.૨૦૨૧ સુધી લંબાવવાની દરખાસ્ત કરેલ. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના વંચાણે લીધેલા ક્રમાંક: (૩) ના પત્રથી ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરની નીચે દર્શાવેલ હંગામી જગ્યાઓને વધુ એક વર્ષ એટલે કે તા.૦૧.૦૩.૨૦૨૦ થી તા.૨૮.૦૨.૨૦૨૧ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમાંક | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | સચિવ(રાજ્ય સરકારના સચિવશ્રી સમકક્ષ) ખાતાના વડાની જગ્યા. | ૧(એક) |
| ૨. | નાયબ સચિવ | ૧(એક) |
| ૩. | સેક્શન અધિકારી | ૧(એક) |
| ૪. | સ્ટેનોગ્રાફર કક્ષા-૧ ગુજરાતી/અંગ્રેજી | ૨(બે) |
| ૫. | નાયબ સેક્શન અધિકારી | ૦(શૂન્ય) |
| ૬. | નાયબ હિસાબનીશ | ૧(એક) |
| ૭. | ક્લાર્ક | ૨(બે) |
| | કુલ | ૮(આઠ) |

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ માટે ઉપરોક્ત મહેકમ ચાલુ રાખવા અંગેની મંજૂરી નીચેની શરતોને અધીન આપવામાં આવે છે.

૧. ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ખાતે મંજૂર થયેલ કુલ ૧૨ (બાર) જગ્યાઓના મહેકમ પૈકી સેક્શન અધિકારીની ૨(બે) જગ્યાઓ પૈકી ૧(એક) જગ્યા મે-૨૦૧૬થી ખાલી હોવાથી સદરહુ જગ્યા ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોઇ રદ્દ કરવાની રહેશે અને ૧(એક) જગ્યા જુન-૨૦૧૬થી ખાલી હોવાથી સદરહુ જગ્યા એક વર્ષ કે તેથી વધુ સમયથી ખાલી હોઇ એબેયન્સમાં મુકવાની રહેશે.

૨. નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ની ૩(ત્રણ) જગ્યાઓ મે-૨૦૧૬થી ખાલી હોવાથી સદરહુ જગ્યાઓ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોઇ રદ્દ કરવાની રહેશે.

૩. નાયબ હિસાબનીશની ૧(એક) જગ્યા ફેબ્રુઆરી-૨૦૧૯થી ખાલી હોવાથી સદરહુ જગ્યા એક વર્ષ કે તેથી વધુ સમયથી ખાલી હોઇ એબેયન્સમાં મુકવાની રહેશે.

આમ, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ખાતે મંજૂર થયેલ કુલ ૧૨ (બાર) જગ્યાઓના મહેકમ પૈકી ઉપર જણાવ્યા મુજબની ૪(ચાર) જગ્યાઓ રદ્દ કરવાની રહેશે અને ૨(બે) જગ્યાઓ એબેયન્સમાં મુકવાની રહેશે. ઉપરાંત એબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓ ભરતાં પહેલા નાણા વિભાગ/કરકસર પ્રભાગ પાસેથી પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૮.૦૩.૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patel

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, બ્લોક નં. ૧૯, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.